બીન સરકારી માધ્યમિક/ ઉચ્ચતર માધ્યમિક શાળાના શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક કર્મચારીઓની ઉચ્ચતર પગાર ધોરણ યોજનામાં સુધારા બાબત.

o-o-ooo-o-ooo-o-ooo-o-oo-oo-oo-oo-o

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક-બમશ-૧૩૯૭-૬૩૦-ક-ગ,
સચિવાલય, ગાંધીનગર,
તા. ૯-૩-૯૮.

વંચાણમાં લીધા:- (૧) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તારીખ. ૧૬-૮-૯૪ નો સરકારી ઠરાવ ક્રમાંક-પગર-૧૧૯૪-૪૫-મ,

(૨) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ. ૧૬-૮-૯૪ ના સરકારી ઠરાવ ક્રમાંક-પગર-૧૧૯૪-૪૪-મ.

ઠ રા વ :-

ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિએ રજુઆત કરેલ છે કે, રાજ્યની બિન સરકારી માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળામાં વર્ગ/વિદ્યાર્થીઓની સંખ્યા ઘટવાને કારણે - શાળા બંધ થવાને કારણે ફાજલ થયેલ શિક્ષક અને બિન શૈક્ષણિક કર્મચારીઓની અગાઉની સેવાઓ પગાર અને પેન્શનના હેતુ માટે ગણતરીમાં લેવામાં આવે છે પરંતુ તેવી સેવાઓ ઉચ્ચતર પગાર ધોરણની યોજનામાં ગણતરીમાં લેવામાં આવતી નથી અને તેથી આવા શિક્ષક - બિન શૈક્ષણિક કર્મચારીઓની ઘણા વર્ષની નોકરી હોવા છતાં ઉચ્ચતર પગાર ધોરણ યોજનાનો લાભ મળી શકતો નથી. પ્રસ્તુત બાબતમાં માનનીય મુખ્ય મંત્રીશ્રી, અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં, અધિક મુખ્ય સચિવશ્રી, શિક્ષણ અને સંકલન સમિતિના હોદ્દેદારો સાથે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબના આદેશો કરવામાં આવે છે.

૧. ફાજલ થયેલ શિક્ષક-બિન શૈક્ષણિક કર્મચારીની અગાઉની સેવાઓ ઉચ્ચતર પગાર-ધોરણ માટે ગણતરીમાં લેવામાં આવશે.

૨. માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળાના બિન શૈક્ષણિક કર્મચારીની ફેરબદલી થાય અને તેવી ફેરબદલી રાજીનામુ આપવાના કારણે હોય તો તેવા કિસ્સામાં પણ જો તેમની સેવાઓ પગાર અને પેન્શનના હેતુ માટે ગણતરીમાં લેવામાં આવતી હોય તો તેવા કિસ્સામાં નીચેની શરતોને આધિન ઉચ્ચતર પગાર-ધોરણ માટે પણ તેમની અગાઉની સેવાઓ ગણતરીમાં લેવી.

:- ૨ -:

શ ર તો :-

૧) કોઈપણ બિન સરકારી માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળાના બિન શૈક્ષણિક કર્મચારી એક માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળામાંથી સ્વેચ્છાએ રાજીનામુ આપીને બીજી માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળામાં જોડાય તેવા સંજોગોમાં સમગ્ર નોકરી દરમ્યાનનો તૂટનો સમય( બ્રેક) બે વર્ષથી વધવો જોઈએ નહી.

૨) એક માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળામાંથી બીજી માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળામાં રાજીનામુ આપીને જોડાય તેવા સંજોગોમાં કોઈપણ તુટ વચ્ચેનો ગાળો ૧૫ મહીનાથી વધવો જોઈએ નહી.

૩) સમગ્ર નોકરી દરમ્યાન વધુમાં વધુ ૭ તુટ ગણતરીમાં લઈ શકાશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તારીખ. ૬-૩-૯૮ ની નોંધથી મળેલ સહમતિથી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

બી. કે. ભટ્ટ
ઉપસચિવ
શિક્ષણ વિભાગ, ગુજરાતસરકાર.

પ્રતિ,
માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર,
માન. મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર,
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર,
માન. વિરોધ પક્ષના નેતાશ્રીનાઅંગત સચિવશ્રી,
પ્રમુખશ્રી, ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ, સંકલન સમિતિ/ રુબરુ આપી,
તમામ જીલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ,
એકાઉ-૮-૮-જનરલ, અમદાવાદ/ રાજકોટ,
નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ગુજરાત રાજ્ય, અમદાવાદ,
મુકામી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ,
રજીસ્ટારશ્રી, માધ્યમિક/ ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સેવા પંચ/અમદાવાદ,
નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર,
સીલેકટ ફાઈલ....